

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*દરેક ક્ષેત્રમાં સરકારી ચંચૂપાત નિંદાય છે,*
*ને સગી 'મા'ની સૂચના મુજબ જ કાન વિંધાય છે.*
*પિંજાય છે તપાસ પણ પક્ષપાતી સીબીઆઈમાં -*
*હવે તો સુપ્રીમ ચૂકાદા સામે આંગળી ચિંધાય છે...*

### હાઈકુ

*ખાય ગૂંલાટો,*
*લ્યો ! સેનાનાં વિમાનો -*
*ઉડયા પ્હેલાં જ!!*

*રહ્યા ગાફેલ -*
*ને ગંધાયું બાફેલ!*
*શાક રાફેલ...*

### ચિંતન

*અવિદ્યાહૃદયગ્રંથિવિમોક્ષોઽપિ ભવેદ્યતઃ ।*
*તમેવ ગુરુરિત્યાહુ ર્ગુરુશબ્દાર્થવેદિનઃ ॥*

**ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**'ગુરુ' શબ્દના અર્થને જાણનારા વિદ્વાનો એને જ ગુરુ કહે છે કે, જેના દ્વારા અવિદ્યારૂપી હૃદયની ગાંઠ છૂટી જાય.**

**જે જ્ઞાની પુરુષ પોતાની વિદ્યતાથી ઈશ્વરને પામવાનો સરળ માર્ગ પામી ગયો છે તે જ્ઞાની પોતાના શિષ્યને સાચા અને સરળ બોધ જ્ઞાનની સાચી દિશાનું દર્શન કરાવે છે અને મોહ-માયાના બંધનથી છોડાવે છે તે જ સાચો ગુરુ...**

### સુવિચાર

- જેવું દેખાવા છે તેવું આ જગત નથી, દૃષ્ટિરોગ છે - **આપ્તસૂત્ર**
- મોક્ષનું પરિણામ જાગૃતિ નથી. જાગૃતિનું પરિણામ મોક્ષ છે - **દાદા ભગવાન**
- શક્તિનો કોઈ જ ઉપયોગ નથી જયાં સુધી એનાથી બેગણી બુદ્ધિ ન હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- સારી ઊંઘ પ્રકૃતિની કોમળ પરિચારિકા છે - **આનંદ સૂત્ર**
- ધીરજ ધર્મ મિત્ર અરુ નારી । આપાતકાલ પરિખહીં ચારી ॥ - **કબીર**
- જીદ અને અભિપ્રાયમાં ઉગ્રતા તે મૂર્ખામીનું પ્રમાણ છે - **બાયરન**
- આજનું ઔષધ : સરગવાના પાનનો રસ ખંજવાળની જગ્યાએ લગાડવાથી ખંજવાળ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આઠમી સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ સાંજના સમયે બૈરૂત શહેરની મધ્યમાં માર્કેટના પાર્કીંગમાંનું એક દશ્ય. કાર્મેન નામની એક નાની દીકરી તેના માતાપિતા સાથે ત્યાંના માર્કેટમાં કંઈક ખરીદી કરી રહી છે. બીજા ઘણા બાળકો પણ ત્યાં તેમના પેરેન્ટ્સ સાથે આનંદ કરી રહ્યા છે. ત્યાં જ આસામાનમાં હેલીકોપ્ટરની ગડગડાટી સંભળાઈ. અચાનક એવું તો શું થયું તો જોવા લોકો ભેગા થવા લાગે છે. માર્કેટના પાર્કિંગમાં મધ્યભાગમાં હેલીકોપ્ટરમાંથી સાન્તાક્લોઝનો પહેરવેશ પહેરી એક વ્યક્તિ જાડા દોરડાની મદદથી નીચે ઊતરે છે. બીજા સેંકડો બાળકો સાથે આ બાળકી કાર્મેન પણ હેલીકોપ્ટર જોવા થોડે દૂર ઊભી રહે છે. નીચે ઊતરેલો સાન્તાક્લોઝ ભીડ ચીરતો ને હાથ હલાવતો અચાનક કાર્મેન પાસે જ આવીને ઊભો રહે છે અને તેની ઝોળીમાંથી એક સુંદર મજાની ઢીંગલી અને ઢગલાબંધ ચોકલેટની ભેટ આપે છે. જે જોઈને કાર્મેન ખુબ ઉત્સાહિત અને આનંદીત થઈ જાય છે. લોકો સાથે તેના મા-બાપ પણ અવાચક્ બનીને આ જોયા કરે છે. પછી સાન્તાક્લોઝ ધીમેથી કંઈ જ બોલ્યા વિના એક રિમોટ કંટ્રોલથી એક દિવાલ પરનો પરદો ખુલે છે. જેના કાર્મેનના જ મોટા ફોટા સાથે અંગ્રેજીમાં લખ્યું છે. 'ડિસેમ્બર સુધી શા માટે રાહ જોવી ?' તારા માટે તો ક્રિસમસ આજે પણ માનવી શકાય. વ્હાલી કાર્મેન !! તને મેરી ક્રિસમસ'. ત્યારે કાર્મેનના મા-બાપની આંખો પણ છલકાય છે. એટલા માટે કે તેમને પણ ખબર છે કે તેમની કાર્મેનને કેન્સર છે. હવે ડૉકટર તેની જિંદગી માટે કંઈ કહી શકતા નથી. મા-બાપનું એક જ લક્ષ્ય છે કે કાર્મેનને ખુશીઓ આપવી. બૈરુતમાં આવેલી. 'મેઈકએ વીશ' નામની સંસ્થા આવું હૃદયસ્પર્શી કામ કરી રહી છે. કોઈકની વીશ પુરી કરવામાં પછી સ્થળ અને સમય ગૌણ બની જાય છે.

# કાશ્મીર સમસ્યા વકરતી જાય છે

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીર પ્રદેશને અટલ બિહારી વાજપેયી જેવા રાજપુરુષ કવિ ભલે ભારતનો મુગટમણિ કે મસ્તક ગણાવતા રહે પણ હકીકત એ છે કે આઝાદી મળી એ જ સમયથી કાશ્મીર નથી ભારતીય નાગરીકો માટે પૃથઅવી પરનું અલ-બેરુનીએ કહેલું સ્વર્ગ રહ્યું કે નથી એ દેશનો મુગટમણિ બની શક્યું. વાસ્તવમાં એ પંડિત જવાહરલાલ નહેરુથી લઈ નરેન્દ્ર મોદી સુધીના રાષ્ટ્ર ધુરાવાહકો માટે જ નહીં બલકે અદના નાગરિક માટે પણ એક મસમોટી શિરોવેદના બની રહેલ છે. આર્મી અને અર્ધ લશ્કરી દળોથી લઈ રાજયની પોલીસ માટે એ માથાં વધેવાનો 'મૃત્યુઘાટ' સાબિત થયું છે. ચીન અને પાકિસ્તાન માટે એ ભારતને હરહંમેશ તંગદિલીમાં રાખવા માટેનું હાથવગું અને હોઠવગું નામ બની ચૂક્યું છે. અત્યાર સુધીમાં ભારત સરકારે જમ્મુ કાશ્મીર પાછળ અબજો-ખરબો રૂપિયા રીતસર ફેંકી દીધા છે જે મારા તમારા જેવા સામાન્ય નાગરિકોના ખીસામાંથી સીધા કે આડ કતરા ટૅક્સ તરીકે વસૂલાતા રહ્યા છે. પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી કાશ્મીર મુદ્દે સેંકડો શાંતિમંત્રણાઓ કરાતી રહી છે જેનો કોઈ જ નિષ્કર્ષ આવ્યો નથી. પંડિત નહેરુ પોતે કાશ્મીરી બ્રાહ્મણ હોઈ એમનો કાશ્મીર ભારતીય સંઘ સાથે જોડાય એવો વિશેષ આગ્રહ હતો. સરદાર પટેલને મુસ્લિમ બહુલ કાશ્મીર પાકિસ્તાન સાથે જોડાયં એમાં વાંધો નહોતો એવું ઈતિહાસ બોલે છે. પછી જયારે કાશ્મીરના મહારાજા હરિસિંહે મોડે મોડે ભારત સાથે જોડાવાની અરજી કરી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું અને કાશ્મીરનો અડધાથી વધારે હિસ્સો 'આઝાદ' થઈ ગયો હતો. આજે પણ હાફિઝ સઈદ જેવા કટ્ટરવાદીઓથી લઈ અત્યાર સુધીના પાકિસ્તાનના હાકેમો કાશ્મીરને પાકિસ્તાન સાથે ભેળવી દેવાની અથવા 'આઝાદ' કરી અલગ રાષ્ટ્ર તરીકે માન્યતા આપવાની વકીલાત કરતા રહ્યા છે. અલગતાવાદીઓ કાશ્મીરમાં જ રહીને કાશ્મીરની આઝાદીની લડત ચલાવી રહ્યા છે. રાજય સરકારો એમને આડકતરું સમર્થન જ આપતી રહી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તાજેતરમાં ખૂંખાર આતંકવાદીઓ સામેની મુઠભેડમાં એમની વહારે દોડી આવેલા પથ્થરબાજ યુવાનો પણ આર્મીના ગોળીબારમાં ભોગ બન્યા છે. આથી પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને ભાજપ સાથે સંયુક્ત સરકાર ચલાવી ચૂકેલાં મુફતીનંદિની મહેબૂબાએ એક જ ભાષામાં વાત કરવા માંડી છે. દેખીતું છે કે નાગરિકો આર્મી કે બીએસએફનાં નિશાન ન જ બનવા જોઈએ પરંતુ સામે પક્ષે આર્મી અને બીએસએફની મજબૂરીનો પણ વિચાર કરવો જ રહ્યો. અલબત્ત, આવી કડક કાર્યવાહી થતાં પ્રજા વિશેષ ઉશ્કેરાટ અનુભવે તે સ્વાભાવિક છે. અત્યાર સુધીમાં સૌથી વધારે સૈનિકોની અને નાગરિકોની ખુમારી મોદીશાસનમાં સાડા ચાર વર્ષો દરમિયાન જ થવા પામી છે તે હકીકત છુપાવી શકાય એમ નથી. આ અણઘડ વહીવટનો નાદર નમૂનો છે, જેને લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છાપ ખરડાઈ છે. કાશ્મીરનું કોકડું ઉકેલવામાં પાકિસ્તાનને મુદલ રસ નથી કારણ કે એના નેતાઓ માટે તો એ મુદ્દો ચૂંટણીમાં ભારત વિરોધી ઝેર ઓકી મબલક વોટ રળી આપનારો સાબિત થયો છે. ભારત માટે આ સાપે છછુંદર ગળી લીધા જેવી મૂંઝવણ ભરી સ્થિતિ છે. ત્રીજા કોઈની મધ્યસ્થી સ્વીકારવાની ભારત હરહંમશા ના પાડતું રહ્યું છે.૧૯૭૧માં ઈંદિરા ગાંધી અને ઝુલ્ફીકાર અલી ભુટ્ટો વચ્ચે થયેલી મંત્રાણામાં કાશ્મીર-સમસ્યાનો ઉકેલ દ્વિપક્ષીય મંત્રણાથી જ લાવવાનો કરાર થયેલો છે તેનો હવાલો આપી ભારત આ મુદ્દો લટકતો રાખતું રહ્યું છે. મોદીએ મોટી અપેક્ષાઓ સાથે કાશ્મીરના આંટાફેરા કર્યા, નવાઝ શરીફ સાથે દોસ્તી બાંધી પણ આખરે એનું કોઈ જ પરિણામ ન મળ્યું તે સર્વવિદિત છે. ઊલટાનું કોકડું વધુને વધું ગૂંચવાતું જ ગયું છે.

# એક પ્રેરણાસ્ત્રોત સફળતા અપાવે....

'સાહેબ, પાપ લાગ્યું, મ્હારા વંદન સ્વીકારો...' આટલું કહીને એક યુવાન રસ્તા પર ચાલી રહેલા એક દંપત્તિના પગમાં ઝુકીને, વંદન કરવા નમી પડ્યો.... ને પેલા બંને નવાઈ પામ્યા કે આ યુવાન છે કોણ ?

મરુભૂમિ રાજસ્થાન... પહાડોની, તળાવોની, શૌર્યની, રાજા-રજવાડાઓના ભવ્ય ઈતિહાસની, મહેલો અને બાગ-બગીચાઓની ભૂમિ... પધારો મ્હારો દેશ... પંક્તિ આજે વિશ્વભરમાં જાણીતી બની છે. રાજસ્થાનની ધરતીની ભવ્ય આતિથ્ય - સત્કારની પરંપરાને કારણે.... વિશ્વભરના ધનકુબેરો અહીં આવીને એમના પરિવારના માંગલિક અવસરો ઉજવે છે અને એ રીતે સામા પક્ષે સાવ સામાન્ય માણસ પણ રાજસ્થાનમાં આવીને પ્રવાસની મોજ માણે છે. પ્રેમ અને પ્રસન્નતાથી - શક્તિ અને ભક્તિથી, કોઠાસૂઝ અને કળાના વિવિધ સ્વરુપોથી ભર્યાભર્યા છે અહીં લોકો...

અંકલ સરીરાં માંય, તિલાં તેલ ધ્રિત,
દૂધ મેં પણ હૈ પડદે માંય, ચૌડે કાઢો ચતરસી...

અર્થાત્ - જેમ તલમાં તેલ અને દૂધમાં ઘી હોય છે એમ જ મનુષ્યમાં અક્કલ પડેલી હોયછે, પરંતુ તે એક પડદામાં છુપાયેલી હોય છે, તેને બહાર કાઢીને તેનો ઉપયોગ કરવો જોઈએ. રાજસ્થાની ભાષામાં લખાયેલા આ દોહામાં સમાવિષ્ઠ અર્થને જ જાણે ઉજાગર કરતી આ ઘટનાના મૂળ ૧૯૬૦ના દાયકામાં છે.

ગ્રામ્ય પ્રદેશના એક પરિવારમાં એક દીકરાનો જન્મ થયો... નામ રાખ્યું મહેશ... રમતા-ભમતા મોટો થતો ગયો... શાળામાં ભણવા મૂક્યો... પણ ભણવામાં જીવ લાગે તો ને ? એની પ્રકૃતિમાં, એના સ્વભાવમાં માણસોને મળવાનું, એમનું આતિથ્ય કરવાનું, બહુ બધુ જાણવાનું, મહેનતથી પૈસા રળવાનું... જેવા જેવા ગુણો ધીમે ધીમે વિકસિત થવા માંડ્યા હતા. મા-બાપની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય... એક સાંધે ત્યાં તેર તૂટે... જેવી ઘરની આર્થિક હાલત... પણ દીકરાને ભણાવવાની ઈચ્છા મજબૂત.



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

પરિણામે દીકરો મહેશ ભણવામાં સ્થિર થાય એવી ઈચ્છા પુરી કરવા સ્કૂલમાં મુક્યો હતો. બન્યું એવું કે એકાદ-બે મહિનાની ભણવાની ફી બાકી રહી ગઈ હતી. શાળામાંથી દબામ થયું ફી ભરવા માટે... ફી હતી નહી. એના એક શિક્ષક સાથે એ છોકરાને અને તેના પરિવારને ધરોબો હતો. શિક્ષકના પત્ની એ આ વાત જાણી અને શિક્ષકને કહ્યું કે, 'આ છોકરાની ફી ભરી દો ને, આગળ જઈને ભણશે તો કાંઈક પામશે...' શિક્ષક માર્મિક હસ્યા... સાંજે એમના ઘરે મહેશને બોલાવ્યો.... બધી વાત કરી... એ સમયે કિશોરાવસ્થામાં એ આવી લાગણીથી વાતો અડધી સમજ્યો ને અડધી નહિ. પણ એને એક વાક્ય યાદ રહી ગયું... શિક્ષકે પત્નીની વાતના જવાબમાં કહ્યું, કે તારી વાત સાચી છે, ફી તો ભરી શકાય, પણ આ છોકરો અક્કલથી બહુ મોટો માણસ બનવાનો છે...' મહેશને 'આ છોકરો બહુ મોટો માણસ બનવાનો છે' વાક્ય યાદ રહી ગયું...

ત્રણ-ચાર ધોરણ સુધી ભણીને, કોઈક સગાની આંગળી ઝાલીને એ ઉદેપુર આવી ગયો. ઉદેપુર આવીને નાના-મોટા કામો શરૂ કર્યા. મહેતન કરવામાં કયારેય પાછી પાની ના કરી.... દિવસ રાત એક કર્યા... પૈસા કમાતો ગયો ને બચત કરતો ગયો - રોકાણો કરતો ગયો... ટ્રાવેલ્સના ધંધામાં ઝુકાવ્યું.... એ જમાનામાં આધુનિક કહી શકાય એવા વાહનો ખરીદ્યા. હોટલ વ્યવસાયમાં પણ જોડાયો... એક વાર ઉદેપુર શહેરના માર્ગ પર એ પસાર થઈ રહ્યો હતો એની ગાડી લઈને... એકાએક એક દંપત્તિ, જે સંધ્યા ટાણે ચાલવા નીકળ્યું હતું... એના પર એની નજર ગઈ.... ૧૫-૨૦ વર્ષ પહેલાં જોયેલા એ શિક્ષક દંપત્તિનું સ્મરણ થઈ આવ્યું... અરે, આ તો એ જ... ગાડી બાજુમાં પાર્ક કરીને પહોંચ્યા એમની પાસે, વંદન કર્યા અને હાથ જોડ્યો...

શિક્ષક આ યુવાનને ઓળખી ન શક્યા - ઓળખાણ આપી... 'આ છોકરો બહુ મોટો માણસ બનવાનો છે.' એ શબ્દોનું સ્મરણ કરાવ્યું... એ દંપત્તિ રાજી થયું... માનભેર યુવાનો પોતાની ગાડીમાં બેસાડ્યા... ઘરે લઈ ગયો.... સહુને પરિચય કરાવ્યો ને કહ્યું... એમના શબ્દોના કારણે આજે સફળ માણસ બન્યો છું... એમને મારામાં રહેલી શક્તિને જગાડી હતી.

પ્રત્યેક માણસમાં ઈશ્વરદત્ત પ્રકૃતિ-સ્વભાવ-શક્તિ તો પડ્યા જ હોય છે, જરૂર હોય છે તલમાં તેલ ને દૂધમાં ઘી જોઈ શકે એવા એક માર્ગદર્શકની, એવા એક પ્રેરણાસ્ત્રોતની... બસ એ મળી જાય પછી જો પુરુષાર્થ અને એ પણ સાચી દિશાનો થાય તો જીવનમાં સફળતાના - સિદ્ધિઓના દીવડા પ્રગટે છે અને એના અજવાળા રેલાય છે.

# જીવન કયાં હૈ, ચલતા ફિરતા એક ખિલૌના હૈ, દો આંખો મે એક સે રોના, એક સે હસના હૈ...

પોતાની પીડાને ઓછી કરવાનો - હળવી કરવાનો રાજમાર્ગ કયો ? એકદમ સિમ્પલ, આપણા કરતાં વધુ પીડા ભોગવનારાઓનો વિચાર કરવો. માણસ જો ધારે તો તેને પોતાની આજુબાજુ જ પોતાના કરતાં વધુ પીડા ભોગવનારા માણસોના ઉદાહરણ મળી જાય છે. મખમલના ગાદલા પર ઊંઘની ગોળીઓ ખાઈને પણ ન ઊંઘનારા શેઠનો બાલ્કનીમાંથી નીચે રસ્તા પર ફૂટપાથને ડનલોપનું બનાવીને સૂનાર ભિખારીને જોઈને કદાચ ઊંઘ આવી જાય, અને નીચે ફુટપાથવાળા ભિખારીને શેઠની હવેલી જોઈને ઊંઘ આવી જાય છે.

પણ, આવું થતું નથી અને બને છે એનાથી ઊંધુ. મહેલમાં રહેનારને નીચે શાંતિથી સૂનારા ભિખારીની ઈર્ષ્યા આવે છે અને ભિખારીને શેઠની હવેલીની. સરવાળે બંને સૂતા નથી. આપણો આ સ્વભાવ મૂળભૂત છે. આપણને આપણું દુઃખ જ પહાડ જેવું લાગે છે. અને આ દુઃખ થકી લોકોની સહાનુભૂતિ મેળવવાની ઘેલછા ચરમસીમાએ પહોંચી છે.

સુખ વહેંચવાથી વધે છે, અને દુઃખ વહેંચવાથી ઘટે છે પરંતુ માણસની પ્રકૃતિ મોટે ભાગે એ પ્રકારની છે કે સુખ વહેંચવામાં તે કંજુસાઈ કરે છે, અને દુઃખમાં બધાને સહભાગી બનાવવા મળે છે.

બીજી મુસીબત છે... ઈર્ષ્યા. બીજાના જરા જેટલા સુખની પહાડ જેટલી ઈર્ષ્યા થાય છે. આપણું સુખ રાય જેવડું અને બીજાનું સુખ પહાડ જેવું દર્શાવવામાં આપણે અવ્વલ છીએ. આપણી ડોક બીજાના સુખમાં ડોકીયા મારીને જ દુઃખી થાય છે.

પણ પાછી આ વાત દુઃખમાં લાગુ પડતી નથી. નાની ફોડલીને પંપાળીને આળપંપાળ કરીને ગાંઠ જેવી બનાવી દેનારા માણસોનો તોટો નથી. બસ માણસને પોતાની દુઃખની કહાની બનાવીને કહેવામાં કંઈક અલગ જ પ્રકારનો આનંદ આવે છે. આવું કરવાથી એની કંઈ તૃષ્ણા સંતોષાતી હશે એ તો ભગવાન જાણે, કોઈ પણ જગ્યાએ અમસ્તો જ માણસ કોઈને પૂછી બેસે કે, 'શું છે હમણાં કેવું ચાલે છે ?' સામેથી જવાબ આવશે, 'ઠીક છે પણ તમારા જેવું નહીં.'

પોતાની સ્થિતિનો આનંદ તો કોઈ દિવસ નહિ થાય. પણ બીજા આગળ છે ! તે વિચારથી એક અસંતોષની લાગણી રાખી આપણા સુખમય જીવનને પણ દુઃખી બનાવીએ છીએ.

પાછી મજાની વાત જુઓ કે આપણું દુઃખ એ કદાચ બીજાની માટે સુખ હોઈ શકે, માટે, દુઃખ કોઈ પાસે રડવામાં મજા નથી. કોઈ આપણું દુઃખ મટાડી શકતું નથી, કારણ કે તે સ્વયં જનિત છે. વળી જો સાંભળનારા હમદર્દ બનીને સાંભળે તો ઠીક છે, બાકી મોટે ભાગે તો બધા મનમાં હસતાં જ હોય છે. હં હવે આવ્યો ને લાગમાં.'

મફત અને સરળ રીતે અપાતી સલાહ આપનાર કહેશે 'ભાઈ ! થોડું ધ્યાન રાખવું હતું ને!' આમ ન કર્યું હોય તો દુઃખી ન થવાત !' દુઃખી હોઈએ ત્યારે બધા શાણપણ ડહોળવા પહોંચી જાય છે.

'બસ દુર્દશાનો એટલો આભાર હોય છે,
જે પણ મને છે મુજથી વધુ સમજદાર હોય છે.'

- મરીઝ

આવા ઉપદેશથી દુઃખ ઘટતું નથી... પરંતુ ઉપહાસથી કયારેક તીવ્ર બને છે. વાસ્તવમાં આપણે જેની પાસે હૃદય ઠાલવીએ છીએ એ સુખી છે ખરો? વળી કદાચ આપણા રોદળાં સાંભળીને એ પોતાની જાતને સુખી માનવા લાગશે. સાથે એ પણ વિચારવાનું કે આપણા દુઃખની વાતો સાંભળનારામાં તેને કેટલો રસ છે! વાસ્તવમાં તો સુખ દુઃખની આ દ્વંદ્વાત્મક સૃષ્ટિમાં રહેતા આપણે કોઈ એકના અતિરેકમાં બંનેનો સમન્વય જ જીવન છે, એ સમજવાનું ભૂલી જઈએ છીએ...



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

'જીવન કયાં હૈ ચલતા ફિરતા એક ખિલૌના હૈ,
દો આંખો મેં એક સે હૈ રોના, એક સે હસના હૈ'

રજનીશજીએ તેમના એક પ્રવચનમાં સરસ વાત કરી હતી. શ્રીમંતનું જે સુખ છે , તે ગરીબની ગરીબીમાં છે, શ્રીમંતની શ્રીમંતાઈમાં નથી.

દરેક મનુષ્યનું સ્વપ્ન હોય છે કે મૃત્યુ બાદ તેને સ્વર્ગ મળે. કારણ આપણને ખબર છે કે નરકમાં જનારા લોકો દુઃખી થાય છે, પણ જો આપણને એવી ખબર પડે કે નરક જેવું કશું છે જ નહિ તો !

બટ્રાન્ડ રસેલે કયાંક એક સરસ વાત કરી છે કે હું સ્વર્ગમાં જનવા નથી માંગતો, કારણ કે જયાં સુખ જ સુખ હોય, ત્યાં સુખનો ખ્યાલ કેવી રીતે આવશે ? મળવાનું સુખ ન મળવાની લંબાઈથી આવે છે. પ્રાપ્તિમાં પ્રતિક્ષા જેટલું સુખ મળતું નથી.

પરંતુ જે સુખ છે તો પણ સુખી છે અને દુઃખ છે તો પણ સુખી છે, તે આનંદમાં પ્રવેશી જાય છે, પણ ભાઈ! આથી સ્થિતિનો કોઈ વિરલ વ્યક્તિ પ્રાપ્ત કરી શકે છે.... સ્થિપપ્રજ્ઞ બનવાનું મારું કે તમારું કામ નથી યાર !

સો વાતની એક વાત કે પૈસાદાર હોવાથી સુખી નથી થવાતું અને ગરીબ હોવાથી દુઃખી. ધન પાસે સુખ પણ નથી. પણ પોતાને મનગમતું દુઃખ પસંદ કરી શકાય છે.

ખરેખર સુખદુઃખ મહત્ત્વના નથી. પસંદગી મહત્ત્વની છે. ગરીબ માણસ જે દુઃખ ઈચ્છે તેને પસંદ નહીં કરી શકે, પરંતુ તવંગર વ્યક્તિ પસંદગીનું દુઃખ મેળવી શકે છે એટલે કે અમીર અને ગરીબના દુઃખમાં બહુ ફરક નથી... પસંદગીમાં ફરક હોય છે.

તો એવું છે કે - દુઃખમાં હોઈએ ત્યારે ગીતાના અધ્યાય જેટલા સમજમાં આવે છે, તેટલા સુખમાં નથી આવતા... આ ભેદ મટી જાય તો સુખ-દુઃખનું ચક્ર પણ મટી જાય.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ભીડથી અલગ હટી નવો રાહ બનાવનારા જીવન જીવી જાય છે અને બીજાએ બનાવેલા માર્ગે ચાલનારા માત્ર સમય પસાર કરતા હોય છે

'દિન રાત દોડતી દુનિયા મેં,
જિંદગી કે લિયે હી વક્ત નહિ;
પૈસો કી દોડ મે એસે દોડે,
કી થકને કા ભી વક્ત નહીં;
પરાયે અહેસાનો કી ક્યા કદ્ર કરે,
જબઅપનેસપનોકેલિયેહીવક્તનહિ;
તુ હી બતા એ જિંદગી,
ઈસ જિંદગી કા ક્યા હોગા;
કી હર પલ મરનેવાલો કો,
જીને કે લીયે ભી વક્ત નહીં;...'

હદયના તારને રણઝણાવી નાખતા આ હિન્દી કાવ્યાંશમાં જીવનનો ખુબસુરત નજરીયો અદભુત રીતે પેશ કરાયો છે. દરેક વ્યક્તિને જીવનનો ભરપૂર આનંદ લેવો છે. દરેકને કંઈક એવું કરવું છે જે સૌથી નોખું હોય. બધાને જીવનમાં એવી કોઈ મોટી ઉપલબ્ધિ મેળવી ચમકવું હોય છે કે જે બીજા લોકોના માનસપટ ઉપર છવાઈ જવુ હોય છે. દુનિયામાં જે લોકો આગળ વધ્યા છે, એમના ચીતરેલા ચીલા ઉપર બધા દોડવા આતુર હોય છે. કોઈના બનાવેલા માર્ગ ઉપર દોડવા મથતી ભીડમાં આજુબાજુવાળા ક્યાં છે અને એ મારા માટે શું વિચારી રહ્યા છે એવા ખયાલોમાં જ મોટાભાગે જિંદગીની દોડ પૂરી થઈ જતી હોય છે. આખી દુનિયામાં એક ટકા લોકો જ એવા છે જેમની પાસે સામાજિક, આર્થિક સામર્થ્ય અને સુખ-સવલતના અંબાર છે. ૯૯ ટકા લોકો તો આ સફળ થયેલા એક ટકા લોકો પાછળ ગાડરિયા પ્રવાહમાં જીવન ખપાવી દેતા હોય છે. આ એક ટકા લોકો ભીડમાંથી અલગ હટી ગયેલા લોકો છે. ખાડા-ટેકરા, કંટકોની વચ્ચેથી માર્ગ કાઢીને આગળ આવ્યા એટલે આ એક ટકા લોકોની અલગ ઓળખ બની છે.

બીજાએ બનાવેલા માર્ગ ઉપર ચાલવાથી થોડો સમય આરામ અને સંતોષ જરૂર મળે પણ આ સફળતા અડધી પડધી અને ટૂંકા ગાળાની હોય છે. જો મુસીબતો અને મુશ્કેલી ભરેલી તમારી અલગ રાહ નથી તો જીવનની સફર જરૂર ખેડાય તો પણ જિંદગી એના પૂર્ણ આફતાબમાં ખીલી ન શકે.

સમગ્ર વિશ્વમાં ખૂબ જોવાતો 'મેન વર્સીસ વાઈલ્ડ' શોના બેયર ગ્રીલ્સનું નામ દુનિયાભરમાં ઘરે-ઘરે જાણીતું છે. બેયર જીવનની મુશ્કેલીઓને એપલ જયૂસની જેમ પી જઈને હંમેશા તાજો-માજો રહ્યો છે. એક નહીં અનેક ઝંઝાવાતો સામે બેયર અડીખમ યોદ્ધાની જેમ લડ્યો છે. એણે જીવનને ભરપૂર માણ્યું છે. હર કદમ ઉપર હાકાલા પડકારા દેતા નવો માર્ગ એણે કંડાર્યો છે. આયર્લેન્ડમાં જન્મેલા બેયરનું ખરુ નામ એડવર્ડ માઈકલ બેયર ગ્રીલ્સ. એડવર્ડ નાનો હતો ત્યારે એની બહેન લાડથી એને 'બેયર' કહેતી. બહેને લાડથી આપેલા નામને જ એડવર્ડે પોતાની પહેચાન બનાવી નાખી. એને બાળપણથી એડવેન્ચર કરવાનો જબરો શોખ હતો.

એડવેન્ચરની દુનિયામાં આગળ વધવા માટે એણે બ્રિટિશ આર્મીમાં જોડાવવાનું નક્કી કર્યું. આ માટે લેવાતી અત્યંત કપરી પરીક્ષામાં ૧૯૯૪માં પાસ થનારો બેયર એકમાત્ર કેન્ડિડેટ હતો. બ્રિટિશ આર્મીની ૨૧ જીછજી રેજીમેન્ટમાં એ જોબ પર લાગ્યો. પણ કહેવાય છે ને કે, નસીબ આડે પાંદડું હોય ત્યારે શું થઈ શકે ? નસીબ આડેના પાંદડાને પણ બેયર જેવા લોકો પોતાની અલગ વિચારધારા દ્વારા દૂર હડસેલી નાખતા હોય છે. આર્મીની નોકરીમા જોડાયાના માત્ર બે જ વર્ષમાં બ્રિટિશ આર્મીના ઝામ્બિયાના એક મિશન વખતે બેયરને જબરજસ્ત એક્સિડન્ટ થયો. એ ૪૯૦૦ મીટરની ઊંચાઈએથી પેરા જમ્પિંગ કરતો હતો ત્યારે એનુ પેરાશૂટ ન ખુલવાને કારણે ખડક ઉપર પટકાયો. એની કરોડરજ્જુ ચકનાચૂર થઈ ગઈ. એની કરોડરજ્જુમાં ત્રણ મેજર ફ્રેકચર થયા. ડોકટરોએ હાથ ધોઈ નાખ્યા. બધા એક્સપર્ટ ડોકટરોએ કહી દીધું કે, હવે બેયર જીવનભર ઉભો નહીં થઈ શકે.

આવી પરિસ્થિતિમાં કોઈ પણ વ્યક્તિ ભાંગી પડે. આવી પરિસ્થિતિમાં પણ બેયરે જીવનનો અલગ રાહ બનાવવાનું નક્કી કરી લીધું હતું. એણે એના હોસ્પિટલના રૂમમાં માઉન્ટ એવરેસ્ટનું મોટું પોસ્ટર લગાવ્યુ. બાળપણથી એની ઈચ્છા એવરેસ્ટ સર કરવાની હતી. ૧૮ મહિના હોસ્પિટલમાં રહ્યા બાદ એ ફરી બેઠો થયો. બેયરે ૧૬, મે ૧૯૯૮માં એવરેસ્ટ ઉપર પગ મુક્યો અને બ્રિટનના એવરેસ્ટ આરોહણના ઈતિહાસમાં ત્રેવીસ વર્ષની સૌથી નાની વયે એવરેસ્ટ સર કરવાનો વિક્રમ એના નામે નોંધાયો.

આ પછીની એક ઘટના એવી પણ છે કે, બેયરે એના મિત્રની આર્થિક સહાયતા માટે બાથરૂમ ટબમાં થેમ્સ નદી પાર કરવાની અત્યંત કપરી ચેલેન્જ ઉપાડી લીધી. જીવનના મુશ્કેલ સમય દરમિયાન એણે નક્કી કર્યું હતું કે, વિકટ પરિસ્થિતિમાં એણે જે ભૂલો કરી અને જે સહન કરવું પડ્યું એવું બીજા કોઈને સહન ન કરવું પડે એના માટે એ લોકોને કપરી પરિસ્થિતિમાં માર્ગ શોધવા માટે ઉપયોગી જાણકારી આપશે. એણે 'મેન



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

વર્સીસ વાઈલ્ડ' ટીવી શો શરુ કર્યો. જોતજોતામાં આ ટીવી શો લોકોના હૃદયમાં ઊતરી ગયો. જે વ્યકિતની કરોડરજ્જુ ચકનાચૂર થઈ ગઈ હતી, માઉન્ટેનિયેરીંગ તો શું બેસી પણ ન શકે એવી સ્થિતિમાં મુકાઈ ગયેલા વ્યક્તિએ ભીડથી અલગ પોતાના વિચારો મુજબ ચાલીને ઈતિહાસમાં રચ્યો.

કવિ ભાવેશ ભટ્ટની આ ચોટદાર પંક્તિ યાદ આવે છે, 'રોજ ખાના આપણા બદલાય છે, તે છતાં પણ ક્યાં રમત સમજાય છે, તું સમય છે તો સમયની જેમ ચાલ, આમ ક્યાં સામે અથડાય છે...' બાળપણથી લઈને વૃદ્ધાવસ્થાની સફરમાં જવાબદારીઓ પૂરી કરવાના ચક્કરમાં અને બીજાએ બનાવેલી સડક ઉપર આસાનીથી ચાલવામાં પોતાના માટે જીવવાનું સાવ જ ભુલાઈ જતુ હોય છે. નોકરી કે વ્યવસાય કરતા હોઈએ ત્યારે સત્તા અને પૈસાની કશ્મકશમાં જ્યારે નિવૃત્તિના આરે આવીએ ત્યારે ખબર પડતી હોય છે કે, જિંદગી તો જીવાઈ જ નથી માત્ર સમય પસાર થયો છે. જ્યારે આ વાસ્તવિકતાની ખબર પડે અને પોતાની રીતે જીવન જીવવાનું નક્કી કરવામાં આવે ત્યારે શરીરની સાથ આપવાની મર્યાદા હોય છે.

પ્રતિદિન એક નવુ લક્ષ્ય નક્કી કરી નવો રાહ બનાવવા સજ્જ થવું જોઈએ. ચેતના મનમાં જાગવી જોઈએ. નક્કી કરી લેવું પડે કે, આ એ જ પળ છે કે, જેના માટે જીવનમાં રાહ જોઈ હતી. નાના નાના લક્ષ્યો પાર પાડી મોટી સફળતા સુધી પહોંચી શકાય છે. જ્યારે વ્યક્તિ અન્યના ચીલાથી દૂર જઈ પોતાના વિચારોનો નવો માર્ગ બનાવે છે ત્યારે એ સાબિત કરી દેતો હોય છે કે, દુનિયા ખોટી હતી અને એ સાચો છે. અને ત્યારે જીવનની પ્રત્યેક ક્ષણે ઘાયલ સાહેબનો પેલો જાણીતો શેર અંગડાઈ લઈને બેઠો થતો હોય એમ લાગે છે. 'ખૂબ અંદર બહાર જીવ્યો છું, ઘૂંટે ઘૂંટે ચિક્કાર જીવ્યો છું, હું ય વરસ્યો છું ખૂબ જીવનમાં, હું ય બહુ ધોધમાર જીવ્યો છું...'

**ધબકાર :**

**જિંદગીમાં તોફાનો સામે ટકી રહેવાની અને માર્ગ કાઢવાની ખુમારીનું નામ જિંદગી.**